સલામી સવારની..

અર્થતંત્રનો આ નિર્ણય 'ચોકડીમાં રંધાયો છે,
ચોરે ને ચૌટે અવ્યવસ્થાનો કચરો ગંધાયો છે,
સંધાયો સંઘ બધા વિપક્ષોનો એક મુદ્દે -
આપણો ડાહ્યો કાગડો હવે બે પગે બંધાયો છે...'

તૈયારી વિના
'કૂદવું' એ કે'વાય -
આંધળુકિયું...

આવી છે યાદ
'નોટ' - પટેલ - સામે -
હાર્દિક ઢાલ!

હાઈકુ

ચિંતન

અર્થતોષિણં શ્રીઃ પરિત્વજતિ ।

શ્રી 'લક્ષ્મી' અર્થ સંતુષ્ટ રાજાનો ત્યાગ કરે છે.

ઉપરોક્ત શ્લોક ચાણક્ય સૂત્રમાંથી લેવામાં આવેલ છે.

રાજાએ કયારેય પોતાના ધનભંડારથી સંતોષ અનુભવવો જોઈએ નહીં, કારણ કે દેશ અને રાષ્ટ્રના વિકાસ માટે વધુને વધુ ધનની જરૂર પડે છે. રાષ્ટ્રનું ધન વાસ્તવમાં પ્રજા લક્ષ્મી હોય છે એટલે એને પોતાનું માની રાજાએ આત્મસંતોષ ના અનુભવવો જોઈએ. પોતાની પાસે રહેલા ધનભંડારને અસીમ સમજી સંતોષ પારનાર રાજાનું ધન ધીરે ધીરે ખર્ચાઈ જાય છે. નષ્ટ થઈ જાય છે. સંતોષ એ સાધુનું લક્ષણ છે. રાજાનો ગુણ નહીં, આથી, જે રાજા વધુ ધન પ્રાપ્તિના પ્રયત્નો પડતા મૂકી પોતાની પાસે રહેલા ધનભંડારથી સંતોષ અનુભવે છે અને લક્ષ્મી ત્યજી જાય છે.

રાજાનું પોતાનું, અંગત ધન અને રાષ્ટ્ર-દેશની તિજોરીનો તફાવત સમજવા જેવો છે. રાષ્ટ્રીય કોષનો પૈસો નિયમો અને કાયદા અનુસાર જ વપરાય - ઉપયોગ થાય - તેમાં સતત ઉમેરણ થાય એ પણ રાજાએ જોવું જોઈએ, પણ અંગત ધનમાં તો સંતોષ જરૂરી જ છે.

સુવિચાર

- માણસ માત્ર એવું તો વિચારી જ શકે કે મૃત્યુ તો ટળવાનું નથી પણ મોતનો ભય તો ટળી જ શકે છે - **પૂજ્ય મોટા**
- જેમ પ્રેમ વિના જીવનની કોઈ જ ગતિ નથી, એમ જ ભક્તિમાં શરણાગતિ જ પૂર્ણ સ્થિતિ છે - **જનકલ્યાણ**
- જ્ઞાન-ભક્તિ અને કર્મ એકબીજાથી જોડાયેલા છે,
  ભક્તિથી જ્ઞાન મળે તો જ્ઞાનથી ભક્તિ થાય અને ભક્તિથી કર્મ સત્કર્મ બને છે - **ધર્મસૂત્ર**
- શારીરિક સ્વસ્થતાની સાથે જ ચારિત્ર્યની શુદ્ધિની પણ એટલી જ આવશ્યકતા છે,
  તેના વગર બધી સિદ્ધિ મિથ્યા છે - **કાંતિ ભટ્ટ**
- જીવનમાં હંમેશાં વાણીને સંવાદમાં જ કેળવો વાદ-વિવાદમાં જશો તો
  અંતે શબ્દ બ્રહ્મની પ્રાપ્તિની દૂર થતો જશે - **એસ. ભટ્ટાચાર્ય**
- પ્રેમ, સરળતા, સ્ત્રી - આ બધાં એક જ ચીજના જુદાં જુદાં નામો છે - **નવનીત**
- આજનું ઔષધ : જાંબુંથી લોહી શુદ્ધિ થાય છે તથા લીવરની કાર્યશક્તિમાં વધારો થાય છે

(સંકલન : દિપક વી. આસરા)

બોધકથા

'નોટબંધી' અને કતાર-પ્રજાની મુશ્કેલી-પૈસા ખલાસ હવે આપણને માટે રોજિંદી સામાન્ય ઘટના થઈ ગઈ. ખરેખર કાળાં નાણાં વાળા જ ભાડૂતી માણસોની ગીર્દી કરાવી સરકાર બેંકનું ખરાબ લગાડે છે. આપણા લોકોનાં રાષ્ટ્રપ્રેમ - દેશદાઝ અને કર્તવ્યપાલનની અછતનું આ પરિણામ છે.

ચર્ચિલ, બ્રિટનના વડાપ્રધાન બન્યા અને થોડા જ સમયમાં ખાંડની અછત સર્જાઈ - ખાંડ ભરેલું જહાજ દરિયામાં ડૂબી ગયું તેથી એક-બે માસ માટે આ અછત રહેવાની હતી.

રાષ્ટ્રપ્રેમી ઈંગ્લેન્ડની પ્રજાએ જરા પણ ઉહાપોહ મચાવ્યા વિના 'ખાંડ' વિના ચલાવવાનો નિર્ણય કર્યો. ચર્ચિ જાતે કાર ચલાવી બજારમાર્ગે જતા હતા ત્યાં એક દુકાન પાસે કતાર જોઈ - દરેકના હાથમાં કંઈક પેકેટ પણ હતાં. ચર્ચિલે ગાડી ઊભી રાખી એક રાહદારીને બોલાવી પૂછ્યું આ લાઈન શું લેવા માટે છે?

તેણે જવાબ આપ્યો - લેવા માટેની નથી, આપવા માટે છે જે લોકો પાસે ખાંડનો વધારે જથ્થો છે તે સેવાભાવી દુકાનદાર પાસે જમા કરાવે છે જેથી જરૂરિયાતમંદ બાળકો-સ્ત્રીઓ-વૃદ્ધાને ખાંડ આપી શકાય!! આ પણ પ્રજા...!!

મોદી સામે મોરચો : વિપક્ષો રસ્તા પર

સળંગ અઠવાડિયા સુધી નોટબંધી મુદ્દે વિભિન્ન કાર્યક્રમો જાહેર કરનાર વિપક્ષો વડાપ્રધાન નરેન્દ્ર મોદીને લોકસભામાં પ્રશ્નકલાક સિવાયના સમયે હાજર રહેવાનો સતત પડકાર ફેંકતા રહ્યા છે. શિયાળુ સત્ર કોઈ જ પ્રકારના કામકાજ વગર આગળ ધપી રહ્યું છે. તેમ વડાપ્રધાન સંસદનો સામનો કરવાને બદલે સંસદ બહાર એક યા બીજા જાહેર કાર્યક્રમ નિમિત્તે નોટબંધીના પોતાના ઐતિહાસિક નિર્ણયને જાતે ને જાતે બિરદાવતા ફરે છે. દરમિયાન માયાવતી જેવાં લોકપ્રિય દલિત નેતાએ તથા શરદ યાદવ અને ગુલામ નબી આઝાદ જેવા સિનિયર વિપક્ષી અગ્રણીઓએ વડાપ્રધાનને વિપક્ષો વિશે કાળાં નાણાં ધરાવતા હોવાના કરેલ આક્ષેપ બદલ સંસદમાં આવી માફી માગવાની માગણી કરી છે. તો વળી રાહુલ ગાંધી સંસદમાં એમની સામે પસ્તાળ પાડે ત્યારે એમના ચહેરાના હાવભાવ નિહાળવા આતુર છે. મોદીએ 'ભારતનું સંવિધાન' ગ્રંથના વિમોચન પ્રસંગે કરેલ ટીકાથી સ્વાભાવિક રીતે જ તમામ વિપક્ષોને વડાપ્રધાન સંસદ બહાર પોતાની બદનક્ષી કરી રહ્યા હોવાનો અહેસાસ થઈ રહ્યો છે. મોદીએ આ કાર્યક્રમમાં કહ્યું હતું કે એમને ૭૨ કલાકનો જ સમય મળી ગયો હોત તો એ બધાં મારાં વખાણ કરતાં થાકત નહીં. એમને એમનાં કાળાં નાણાં સગેવગે કરવાની તક ન મળી એટલે એ બધાં આટલી હાયવોય કરી રહ્યા છે. આ સીધો જ છેક હૈયાં સોંસરવો ઊતરી જાય એવો આક્ષેપ છે. વિપક્ષોમાં પણ આ મુદ્દે ફફડાટ તો છે જ. બધા એક મંચ પર આવીને મોદીની નોટબંધી પાછળનાં સાચાં કારણોનું સંશોધન કરવાની ઉફરા મનથી વાતો તો કરે છે, પરંતુ અંતે મોદીએ પોતીકાઓનાં હિતો સાચવી લઈ બાકીના બધાને ડુબાડ્યા, એવો જ સૂર નીકળે છે. અર્થાત્ કાળાં નાણાં ધરાવતી રાજકીય પાર્ટીઓ અને હસ્તીઓમાં સત્તાધારી પાર્ટી જ બચી ગઈ છે અને અમારી સામે વેર વાળવામાં આવ્યું છે, એવું જ અર્થઘટન એમની અત્યાર સુધીની હો-હા પરથી તારવી શકાય એમ છે. સરકારી બેંકોના રાજકીય આગ્રણીઓએ પણ પોતાને રિઝર્વ બેંકે નોટો બદલી આપવાની સત્તા આપીને ચાર જ દિવસમાં છીનવી લીધી એ મુદ્દે બારો ઊહાપોહ કર્યો છે. એ સાચું કે ખાનગી બેંકોને તથા બિગબજારને અપાયેલી આવી સત્તા પ્રશ્નાર્થ ખડા કરે છે. સહકારી બેંકો છેક ઊંડાણના વિસ્તારો સુધી વ્યાપ ધરાવતી સંસ્થાઓ છે અને ખેતી તથા પશુપાલન સાથે સંકળાયેલો મોટો સમુદાય આવી બેંકો મારફત જ ધિરાણ મેળવતો રહ્યો છે. બધા ખેડૂતોનાં રાષ્ટ્રીયકૃત બેંકોમાં ખાતાં નથી હોતાં. બલકે સહકારી બેંકો ગ્રામીણ અર્થકારણની ધોરી નસ જેવી છે, તે હકીકત છે. બીજી તરફ આવી બેંકોમાં મન ફાવે એવા રિપોર્ટ બદલાવીને સહકારી આગેવાનો કાળાંના ધોળાં કરી શકે, એવી દહેશત પણ અસ્થાને નથી. કોંગ્રેસ સહિત ઘણા વિપક્ષોએ આવા આક્ષેપો ખુદ ભાજપ અગ્રણીઓ હસ્તકની સહકારી બેંકો પર કરેલ છે. વિપક્ષી નેતાઓ ઊભી થયેલી અંધાધૂંધીને સરકારની નિષ્ફળતા તરીકે વટાવવા મથામણ તો કરે છે, પરંતુ મોદી પાસે પોતે સ્વચ્છ હોવાનું અને અને પોતાના અઢી વર્ષના કાર્યકાળમાં કોઈ જ કૌભાંડ નહીં આચરાયું હોવાનું 'સેલ્ફ સાઈન્ડ સર્ટિફિકેટ' છે, જેને પ્રજાનો ઘણો મોટો વર્ગ હજી સુધી માન્ય ઠેરવતો રહ્યો છે. તેથી ઊભી થયેલી વર્તમાન વિકટ પરિસ્થિતિ થાળે પાડવાની મોદીને શ્રદ્ધા છે. પરંતુ આ સંજોગોનો વિપક્ષો લાભ ન લઈ જાય એટલા સારું એ ફૂંકી ફૂંકીને ડગ ભરી રહ્યા છે. નરેન્દ્ર મોદી રાજકારણના અઠંગ ખેલાડી છે. એમની પાસે પ્રજાને રીઝવવાના એકથી એક ચડિયાતા નુસખા છે. એક નુસખો નિષ્ફળ જતો કે ઓછો કારગત નીવડતો લાગે તો એ એમની જાદુપેટીમાંથી વૈકલ્પિક નુસખો શોધી કાઢતાં વાર નહીં લગાડે. હવે જો આ નોટબંધી મુદ્દે પ્રજાકીય અસંતોષ ઊભો થશે તો પાકિસ્તાનનું પૂછડું પકડીને પણ મોદી ચૂંટણીની વૈતરણી

તંત્રીસ્થાનેથી...

તરવા ફાંફાં મારશે, એમાં શંકાને સ્થાન નથી. એમણે મોબાઈલને જ બેંક બનાવી દેવાની ડિજિટલ યોજનાનો પ્રચાર કરવા માંડ્યો છે, એમાં તો આ દેશની એંશી ટકા ગ્રામીણ પ્રજા ભાગ્યે જ સહમત થઈ શકશે પણ રાવી, સતલજ અને બિયાસનાં જળ પર ભારતનો સુવાંગ અધિકાર હોવા છતાં એ પાણી પાકિસ્તાનમાં વહી જતાં અટકાવવાની યોજના રજૂ કરીને ખેડૂતોને જરૂર ખુશ ખરી શકશે.

ભારતીય ઘુડખર - દુર્લભ પ્રાણી (ઈન્ડિયન વાઈલ્સ એસ)

વિશ્વમાં કોઈ ફક્ત એક જ ચોક્કસ વિસ્તારમાં જોવા મળતું હોય કે વસવાટ કરતું હોય તેવા પ્રાણી કે જીવને સ્થાનિક કહેવામાં આવે છે જેને અંગ્રેજીમાં એન્ડેમીક (Endemic) કહેવામાં આવે છે. વિશેષક્ષેત્રી એવું એક વન્યજીવ ભારતીય ઘુડકર એ સમગ્ર વિશ્વમાં ભારતના ગુજરાત રાજયના કચ્છ જિલ્લાના નાના રણ ભાગમાં જ જોવા મળે છે.

ભારતીય ઘુડકરને ભારતીય જંગલી ગધેડો પણ કહેવામાં આવે છે. તેનો દેખાવ પણ ગધેડા જેવો જ લાગે છે. પંરતુ સત્ય હકીકત એ છે કે ભારતીય ઘુડખર એ ગધેડાની જાતિનું પ્રાણી નહીં પણ અશ્વવંશ એટલે કે ઘોડાના કુળનું પ્રાણી છે. વધુ નવાઈ લાગે તેવી વાત એ છે કે આપણે ત્યાં જોવા મળતાં ગધેડાનું મૂળ વતન ભારત નથી પરંતુ તે આફ્રિકન ગધેડાની ઉપજાતિ છે. બીજી મહત્ત્વની વાત એ છે કે ભારતીય ઘુડખરને આપણે ત્યાં ગધેડાની જેમ પાલતું બનાવી શકાતું નથી.

સમગ્ર વિશ્વમાં વાઈલ્ડ એસની એટલે કે જંગલી ગધેડાની ૧૨ ઉપજાતિઓ છે જેમાં આફ્રિકન વાઈલ્સ એસની ચાર (૪), કીઆંગની ત્રણ (૩) અને ઓન્ગેરની પાંચ (૫) ઉપજાતિઓ છે. આપણું ભારતીય ઘુડખર ઓન્ગેરની ઉપજાતિ છે જેને વૈજ્ઞાનિક નામ ઈકવસ હેમીનીઓસ Equs hemionus khur છે. ઘુડખર ગુજરાતીમાં 'ઘુડ' ઘોડો જયારે 'ખર' એટલે ખરીવાળા એવો અર્થ કરી શકાય. હિન્દીમાં ઘુડખરને 'ખુર' કહેવામાં આવે છે. ઘોડાની જેમ આ પ્રાણીના પગમાં પણ એક ફાટાવાળી ખરી હોય છે.

આપણાં દેશમાં બીજી એક ઘુડખરની જાતિ જોવા મળે છે તે 'તિબેટીયન વાઈલ્ડ એસ' કુઆંગની ઉપજાતિ હોઈ ભારતીય ઘુડખરથી અલગ પડે છે.

આ સદીની શરુઆતમાં ભારતીય જંગલી ગધેડા ગુજરાત, રાજસ્થાન, બલુચિસ્તાન, સિંધ, અફઘાનિસ્તાન અને દક્ષિણ પૂર્વીય ઈરાનના શુષ્ક પ્રદેશ સુધી ફેલાયેલા હતા. પરંતુ પ્રવર્તમાન સમયમાં આપણાં ગુજરાતના નાના કચ્છના રણ અને તેની ફરતે આવેલા સુરેન્દ્રનગર, બનાસકાંઠા, રાજકોટ, પાટણ, મહેસાણા જિલ્લાઓ અને કચ્છના મોટા રણના કેટલાક ભાગોમાં પણ જોવા મળે છે.

ઘુડખરને શુષ્ક સપાટ તૃણભૂમિ અર્ધરણ, ક્ષારિય રણ, નાના છોડ તથા ઝાડીદાર વિસ્તારો વધુ પસંદ છે. આવા વિસ્તારોની વનસ્પતિના ઘાસ, પાંદડા, ફુલ અને ગાંડા બાવળની શીંગો તેનો પ્રિય ખોરાક છે. અછતના સમયે ઘુડખર આસપાસના ખેતરોમાં ખેત પાકો ખાવા માટે પણ આવી ચઢે છે.

ઘુડખર સંપૂર્ણ તૃણાહારી (Herbivorous) પ્રાણી છે. તે ગાય-ભેંસની જેમ તેમના ખોરાકને સાચવતા નથી એટલે કે તે રૂમીવન્ટ (Ruminant) નથી, તેના પગમાં આંગળીઓ તે તળિયાની જગ્યાએ એક ખરી હોઈ તેને એક (odd - toed ungutate) માં સામેલ, કરવામાં આવેલ છે.

પગમાં ખરી, ઘોડાની જાત અને સપાટ ખુલ્લા મેદાનો ઘુડખરને ઝડપથી દોડવા માટેની અનુકૂળતા કરી આપે છે અને ઝડપથી દોડવા માટે તે જાણીતું પણ છે. ભય જણાય કે પીછો કરવામાં આવે તો ઘુડખર કલાકના ૫૦ (પચાસ) કિ.મી. ની ઝડપે દોડી શકે છે. સ્વભાવે શરમાળ હોઈ માનવોને જોતાં જ તે દૂર જવા લાગે છે. આ પ્રાણી દિવાચર છે અને સમગ્ર દિવસ દરમિયાન બપોરના સખત ગરમી અને તાપ સિવાય વહેલી સવારથી બપોર અને મોડી બપોરથી સંધ્યાકાળ સુધી ખોરાક માટે વિચરતાં રહે છે. પાણીની જરૂરિયાત દિવસમાં ફક્ત એક વાર રહે છે.

નર અને માદા દેખાવમાં લગભગ સરખાં જ હોય છે. નરને અંગ્રેજીમાં સ્ટેલીયોન્સ (Stallions) અને માદાને માર્સ (Mares) છે. ગધેડા જેવા દેખાવ હોઈ આપણે તેને મહત્ત્વનું કે આકર્ષક પ્રાણી ગણતાં નથી. પરંતુ તે એક દુર્લભ પ્રાણી છે અને આપણાં માટે ગૌરવદાયક છે. તે સ્વીકારું પડશે.

હું અને મારી નિયતિ કથા

મને છેલ્લા ઘણા સમયથી લાગે છે કે હું મારી નિયતિને કદાચ મુશ્કેલીમાં મૂકી રહ્યો છું. કેમ કે એણે જે મારી સાથે નિયત કર્યું છે તે હું નહીં જાણતો હોવાનો કારણે હું મારી ઈચ્છાશક્તિથી જીવન સરળ બને એ માટેના તમામ પ્રયત્નો નિષ્ઠાપૂર્વકનો કરી રહ્યો છું. બીજી તરફ નિયતિના પાસાને હું સમજી શકું છું. મારી માટે એમે જે નિશ્ચિત કર્યું છે તે હું કદાચ ધારી શકું છું અને એ તરફ ખેંચાતો પણ જાઉં છું. નિયતિ હવે મને ઓળખી ગઈ છે. તેથી તે મને નહીં બદલી શકતા મારી આખી વિચારધારા બદલી રહી છે. મારા વિચારોમાં મોટા ક્રાંતિકારી પરિવર્તનો કરી રહી છે. કેમ કે આ સત્યની તો મને જ જાણ થવાની જો મારા વિચારો બદલાય તો હું આપોઆપ બદલાઈ જાઉં અને નિયતિએ ધારેલા ધ્યેય તરફ જઈ શકું એ હવે મને સમજાઈ રહ્યું છે. તેથી હવે હું બંને તરફ બંને સ્થિતિને સન્માન આપતો રહું છું. એક તરફ હું છું ને મારી બનાવેલી દુનિયા છે. બીજી તરફ નિયતિ છે ને એણે ધારેલી મારી મંઝીલ છે. જો કે એક સત્ય મને એ પણ સમજાતું જાય છે કે જેમ ધ્યે મોટું તેમ પીડા વધુ જેમ વિજય મોટો તેમ નુકશાન પણ મોટું હોય છે.

હમણાં જ 'ચક્રવર્તી સમ્રાટ અશોક'ની સિરીયલ પૂરી થઈ. એની નિયતીમાં 'સમ્રાટ' બનવાનું લખાયેલું હતું. તેની નિષ્ઠા શુદ્ધ હતી એ આખા ભારતવર્ષને એક કરવાની અને એ અત્યંતશક્તિશાળી પણ હતો. પરંતુ નિયતિ એને બાળપણથી સંઘર્ષ અને પીડાની પરાકાષ્ઠા સુધી લઈ જાય છે ને એ જયારે સમ્રાટ બને છે એની પહેલા તે તેની માતા, પિતા, ગુરુ, ભાઈ ને પત્ની... બધા જ ને ગુમાવી બેસે છે. એ બધાંયને અત્યંત ચાહતો હોવા છતાંય, શક્તિશાળી હોવા છતાંય એ સત્યના પંથે ચાલતો હોવાને કારણે પોતાના સગા-સંબંધીઓને બચાવી શકતો નથી. અંતે કલિંગનું સ્નેહીજન વિનાની જિંદગી એને મળે છે.

જો કે હું સમ્રાટ અશોક નથી. કે બનવા ઈચ્છતો પણ નથી કેમ કે તમે જેને પ્રેમ કરતી હોય, જેની સાથે આપણા સ્નેહના તંતુઓ ગૂંથાયેલા હોય. જેની સાથે સ્નેહનો નાળસંબંધ હોય એ સૌને ગુમાવીને સમ્રાપદ શા કામનું? કેમ કે બહારની દુનિયા કરતા અંદરની દુનિયા વધારે મોટી છે. બહારની દુનિયા મેળવવા માટે આંતરિક વિશ્વ ગુમાવવું પડે એ કેવી નિયતિ? નિયતિ મને એવા નિશ્ચિત ધ્યેય તરફ લઈ જઈ રહી છે એ હું જાણું છું. અને હવે તો હું પણ થોડો નિશ્ચિત થઈ ગયો છું. કેમ કે મારી-મારા કરતાં વધુ ચિંતા મારી નિયતિને છે. હું જાણતા કે અજાણતા મારી લાઈફનો એક દરવાજો બંધ કરું છું તો નિયતિ મને સ્વસ્થ કે વ્યસ્થ રાખવા બીજા બે નવા દરવાજા ખોલીને એ મારી સાથે હોવાની મને પ્રતીતિ કરાવી દે છે. પણ સાચું કહું તો મને મારી નિયતિની રાહ પસંદ નથી કેમ કે મારે મારું કલ્પેલું જીવન, મારી બનાવેલી દુનિયામાં રહેવું છે. જીવવું છે. મેં બનાવેલા મારા વિચારો-આદર્શોથી હું મારું વિશ્વ બનાવી એમાં રહેવા ઈચ્છું છું અને નિયતિ મને બીજા મોટા વિશાળ વિશ્વમાં લઈ જવા ઈચ્છે છે. હું જાણું છું. એ મારી માટે સારું જ કરી રહી હશે પણ મારી ઈચ્છાઓનું શું ? વળી નિયતિને કારણે લીધેલા નિર્ણયો દુનિયા કેવી રીતે સમજી શકશે? અને હજીયે મેં કે કોઈએ ના કલ્પેલા નિર્ણયો મારે નિયતિને કારણે પરિસ્થિતિવશ લેવા પડે એ પણ મને મંજૂર નથી પણ એ બળજબરીથી કે એવી પરિસ્થિતિ સર્જીને કે મારી આખ વિચારધારા બદલીને એણે નિયત કરેલા નિર્ણય મારી પાસે લેવડાવે તો મારા વિશ્વનું શું? મારી સંવેદનાઓનું શું ? મારે માટે સમાજને, મારા વિશ્વને શું જવાબ આપવો? મને નિયતિની આ ક્રૂરતા જરાય પસંદ નથી.

અત્યારે નિયતિ મારી સંદર્ભે સતત સક્રિય થઈ ગઈ છે. કેમ કે એ જાણે છે કે હું એના વશમાં પૂર્ણ રીતે જલદીથી આવું એવો નથી. તેથી તેણે પણ પૂરેપૂરી તાકાત લગાવવી પડે છે. કદાચ એને પણ મારી સાથે લડવામાં મજા આવતી હોય એવું બને. ખરેખર સપના જોવા સહેલા છે અને પૂર્ણ શ્રદ્ધા અને સમક્ષતાથી જોયેલા આપણા દરેક સ્વપ્નો જયારે નિયતિ બની જાય છે ત્યારે પ્રકૃતિનું (નિયતિનું) આખું વિશ્વ આપણી આસપાસ એ સ્વપ્નો પૂરા કરાવવા લાગી જાય છે. એ પણ સત્ય છે. જો કે બાળપણથી મારા સ્વપ્નો બહુ મોટા રહ્યા છે. અને એને પૂર્ણ કરવા પરિશ્રમ પણ સખત કરતો રહ્યો છું. પરંતુ સંજોગ વિપરિત થતા હું મારા સ્વપ્નો છોડવા ઈચ્છું તો મને છોડવા દેવા જોઈએ. એ મારી નિયતિ બની ગયા હોય તો નિયતિને પણ બદલાવું જોઈએ. કેમ કે ઘણી વખત સત્ય બહુ મોડું સમજાતું હોય છે. આપણું સ્વપ્ન આપણા વાસ્તવિક સત્યથી મોટું નથી હોતું. સ્વપ્ન વિના જીવી શકાય છે સત્ય વિના નથી.

નિયતિનો એક સ્વભાવ એ પણ છે કે એ આપણને જેટલી ઊંચે - ટોચ ઉપર લઈ જાય છે એટલી જ પીડા વધુ આપે છે. આ પીડા ય મંજૂર છે પણ મારે એવો ભવ્ય વિજય તો નથી જ જોઈતો કે જેમાં હું મારી અંદરનું બધું જ ગુમાવી બેસું. બહારની દુનિયામાં હું વિજેતા થાઉં પણ મારી ભીતરની વિશાળ દુનિયાનું શું ? નિયતિ એ રીતે નિષ્ઠુર છે. એ આપણી લાગણી, સંવેદના, આદર્શ, સંસ્કાર... કશું જ જોતી નથી. બધું ભલે તૂટે, સમાજને, પરિવારને, જે કહેવું હોય તે કહે... કરવું હોય તે કરે, નિયતિ તો બસ એણે નિયત કરેલા ધ્યેય તરફ લઈ જઈ છે એટલું તો હું હવે સમજી શકું છું. પણ મારી કરુણતા એ છે કે મને એ ધ્યેય મંજૂર નથી. છતાંય એ મને એ તરફ ખેંચી રહી છે. જો કે હજી તો નિયતિ પરિસ્થિતિ જ ઊભી કરી રહી છે. એ એના પાસાઓ ખૂબ જ સિફતથી ગોઠવી રહી છે. એ ની ચાલ હું જાણું છું. છતાંય હું મારા સત્યને ખાતર અંત સુધી એની સામે લડતો રહીશ. હું મારું બનાવેલું સત્ય પકડી રાખીશ. મારા વેરવિખેર થઈ ગયેલા સત્યને હું સંગઠિત કરવાનો પ્રયત્ન કરીશ. ભલે નિયતિનું સત્ય બીજું હોય. જો કે મને નિયતિના સત્ય પ્રત્યે સહેજેય શંકા નથી. એનું સત્ય મારા સત્ય કરતા ખૂબ મોટું હશે. મને વિશેષ ઉપયોગી હશે. મારા સ્વપ્નો મારા સત્ય કરતા ખૂબ મોટું હશે. મને વિશેષ ઉપયોગી હશે. મારા સ્વપ્નો સાક્ષર કરનારું હશે. એટલો તો મને મારી નિયતિ પર વિશ્વાસ છે. એ જે કરી રહી છે તે મારી સારું કરી રહી છે. એ કદાચ મને મેં બાળપણમાં કલ્પેલા વિશ્વનો 'સમ્રાટ' બનાવવા માગે છે. પણ હું મહાવિનાશ બાદ સમ્રાટ બનાવા નથી ઈચ્છતો. એનો આ સંઘર્ષ છે. હું એટલું ચોક્કસ સમજું છું કે ટોચ પર બેસવાની મજા તો આવે છે પણ નીચે આપણું કોઈ દેખાતું નથી અને ઉપર કોઈ હોતું નથી. વળી ટોચે બેસવાથી નીચે આપણને આપણા જ બધા ખૂબ નાના લાગે છે. અને ટોચ સહેજ ડગ્યા એટલે સીધા નીચે. એના કરતા સૌની સાથે રહીને ટોચે હૃદયમાં સમ્રાટ બનીને જીવવું વધુ સારું છે. પણ નિયતિ-નિયતિ છે એ કોઈને છોડતી નથી. ભગવાન શ્રીરામ કે શ્રીકૃષ્ણને પણ નથી છોડ્યા. રામને ૧૪ વર્ષની યાતના આપી છે. તો કૃષ્ણને પોતાના જ વંશનો નાશ થતો જોવાની પીડા આપી છે. એવો મહાવિનાશ તો મારો નથી થયો. એ માટે નિયતિને દિલથી 'થેન્ક્યુ.' પણ કોઈના હૃદયને ઠેસ પહોંચાડવાની, બાળવાની મારી મનોવૃત્તિ નથી.

અનુસંધાન પાના નં. ૭ પર

કેશલેસ ઈકોનોમી-મંઝીલ ભલે દૂર હોય પણ પહોંચવું જરૂરી છે...!!!

કેશલેસ ઈકોનોમી-મંઝીલ ભલે દૂર હોય પણ પહોંચવું જરૂરી છે...!!!

નોટબંધીની રામાયણ હજુ ચાલુ જ છે અને સાથે સાથે બધી તરફથી રાજકારણ પણ એટલા જ પુરજોશમાં ચાલુ છે. સરકાર અને પ્રજા પોતપોતાની રીતે મથી રહી છે. નોટબંધીએ સમાન્ય માણસને ખરીદી અને વ્યવહારના અનેકો નવા રસ્તા શોધી આપ્યા છે અથવા તો જે રસ્તાઓ હતા પણ વપરાતા નહોતા એનો ઉપયોગ ચાલુ થઈ ગયો છે. એમાંનોએક રસ્તો છે ઈ-પેમેન્ટ..! નોટબંધીએ મને ને તમને અનેક નવા શબ્દો વિષે બહોળું જ્ઞાન આપ્યું છે એમનો એક શબ્દ છે 'કેશલેશ ઈકોનોમી'...! અત્યાર સુધી માત્ર એટીએમમાંથી નાણા ઉપાડવાના જ કામમાં આવતા ડેબીટ કે ક્રેડીટ કાર્ડ આ સંકટ સમયની ઘડીએ ભરપુર કામમાં આવી રહ્યા છે. નોટબંધી પછીથી લોકો ક્યાં તો એટીએમને શરણે છે અને ક્યાં તો પેટીએમના..!!! જી હા, પેટીએમ જેવી કંપનીઓ ક્યારની 'પેટીએમ કરો...' જેવા ગાણા ગાઈ રહી હતી પણ જોઈ એટલા લોકોના કાનમાં આ ગાયન પડતું નહોતું પણ નોટબંધીના સમયમાં સહુ કોરસમાં ગાતા થઈ ગયા કે 'પેટીએમ કરોઓઓઓઓઓ...! નોટબંધીએ પેટીએમ માટે જાણે કુબેરનો ખજાનો ખોલી નાખ્યો છે. કંપનીના માલિક વિજય શેખરનું કહેવું છે કે નોટબંધી પછી તેમનો વેપાર ૫ ગણા સુધી વધી ગયો છે. નોટબંધી પછીથી પેટીએમ દ્વારા લગભગ ૭૦ લાખ ટ્રાંજેક્શન થઈ રહ્યા છે. જેના દ્વારા અધધધ કહી શકાય એવા ૧૨૦ કરોડ રૂપિયાની રોજની લેવડ-દેવડ થઈ રહી છે. ખાલી પેટીએમ જ શુકામ પણ ઓક્સીજન, મોબીક્વિક જેવી અનેકો ઈ-વોલેટ કંપનીઓ પણ કમાવા લાગી છે...!

વાત અહી ઈ-વોલેટની નથી કરવાની પણ નોટબંધીના અનેકો ફાયદાઓમાં જે એક ફાયદો સરકાર અને ઈકોનોમિસ્ટસો દ્વારા કહેવાય રહ્યો છે એ કેશલેસ ઈકોનોમીની વાત કરવાની છે. વોલ સ્ટ્રીટ જર્નલનો એક રીપોર્ટ જણાવે છે કે નોટબંધીને લીધે બહુ જ જલ્દીથી ભારતમાં રોકડનું સામ્રાજ્ય ઓછું થઈ જવાનું છે. જો કે આ બહુ જ જલ્દી એટલે ૨૦૨૦ એવું અત્યારે તો દ્રષ્ટિગોચર થાય છે. ગુગલ ઈન્ડિયા અને બોસ્ટન કન્સલ્ટીન્ગનું જો સાચું માનીએ તો ૨૦૨૦ સુધીમાં અંદાજે ૫૦,૦૦૦ કરોડ રૂપિયાનું ટ્રાન્ઝેક્શન પેટીએમ જેવા અનેકો ઈ-વોલેટ અને બીજા ડીજીટલ ટ્રાન્ઝેક્શન દ્વારા થતું થઈ જવાનું છે, જે અત્યારના કરતા ૧૦ ગણું વધારે છે..! જો કે ગયા રવિવારે લખેલું એમ ભારતમાં લગભગ ૮૦% વ્યવહાર કેશમાં જ ચાલે છે એટલે આ લખ્યું એ કાઈ પલક ઝપટતા થાય એવી આશા રાખશો નહિ પણ હા, જો ડીજીટલ પેમેન્ટની કોઈ ચોક્કસ અને નક્કર વ્યવસ્થા ગોઠવાય અને જે એકદમ ખૂણે ખૂણે સુધી ફેલાઈ તો આ ડીજીટલ દિવસો દુર પણ નથી જ...!

ડીજીટલ ઈન્ડિયાનો નારો આપનાર મોદી સરકાર નોટબંધીને ડીજીટલ પેમેન્ટ કે કેશલેશ ઈકોનોમીનો આઈડિયા લાગુ કરવા માટેનો એક સોનેરી અવસર માની રહી છે. વધુ ને વધુ પેમેન્ટ કે આર્થીક લેવડ દેવડ કાર્ડ દ્વારા કે પછી ઈ-પેમેન્ટથી થાય એવું સરકાર વિચારી રહી છે. પણ ભારતમાં આગળ લખ્યું એમ હજુ એવું ખાસ કઈ ઝડપથી થાય એવું શક્ય નથી અને એ એટલા માટે કે હજુ પણ ૧૨૦ કરોડની વસ્તીવાળા આ દેશમાં લગભગ ૨૦ કરોડ લોકો પાસે બેંક ખાતુ જ નથી. વી ધ ઈન્ડિયન બચતમાં વધુ માનીએ છીએ અને આ બચત એટલે ઘરમાં કેશ રાખવી એવું સીધું ને સાદું ગણિત છે. ઘરડાઓ કહી ગયા છે ને કે પૈસા ઘરમાં ખાડો ગાળીને દાટી રાખવા, ક્યારેક કામ આવશે. આ નોટબંધીમાં પણ દેખાઈ આવ્યું કે એક એક ઘરમાંથી બચતના નામે ધાર્યા કરતા વધુ રોકડ નીકળી આવી...!!!

વાત વર્ષ ૨૦૧૫ની કરીએ તો ભારતમાં લગભગ ૭૮% જેટલી ખરીદી કેશમાં જ થઈ જયારે આવી કેશ કે કન્ઝ્યુમર ખરીદીનો યુકે અને યુએસ જેવા દેશોમાં ટકાવારીમાં આંકડો ફક્ત ૨૦-૨૫% જેટલો જ રહ્યો હતો. આગળ લખ્યું એ ગુગલ ઈન્ડિયા અને બોસ્ટન કન્સલ્ટીન્ગનું માનવું છે કે ૨૦૨૦ સુધીમાં આ ૭૮% નો ફિગર ગગડીને ૪૫% આસપાસ આવી જવાનો..!!

પણ આ ૪૫% ના મેજિક ફિગરને ટચ કરતા પહેલા ઘણું કરવું પડે એમ છે. ઈ-પેમેન્ટ કે કેશલેસ ઈકોનીમીનો મુખ્ય પીલ્લર છે કાડ્ર્સ. ભારત ડેબીટ કે ક્રેડીટ કાડ્ર્સ ધારકોના મામલામાં પણ જગતના ઘણા દેશોથી પાછળ છે. આમ તો દર ત્રીજા માણસ પાસે એક ડેબીટ કાર્ડ છે પણ એનો મુખ્ય ઉપયોગ તો એટીએમમાંથી કેશ વિડ્રો કરવામાં જ થાય છે, આ વર્ષે જુલાઈમાં ૮ કરોડથી વધુ ટ્રાન્ઝેક્શન એટીએમ કે પીઓએસ દ્વારા થયા પણ એમાયે ૯૦% જેવા ટ્રાન્ઝેક્શન તો ફક્ત એટીએમમાંથી મની વિડ્રો કરવાના જ હતા.અને એટીએમની જ વાત કરીએ તો ભારતમાં ૧૦ લાખ લોકોએ માત્ર ૧૬૫ એટીએમ મશીન જ છે અને કઈક એવો જ અને એટલો જ સિનારિયો પીઓએસ એટલે કે પોઈન્ટ ઓફ સેલ્સ મશીનોનો છે. પીઓએસ એટલે એટલે પેટ્રોલ પમ્પ કે દુકાનોમાં જે તમે કાર્ડ સ્વેપ કરો છો ને એ મશીન..!! આરબીઆઈ ના આ આંકડા એવું નથી બતાવતા કે ગ્રામીણ ઈલાકોમાં કેટલા એટીએમ કે પીઓએસ છે મતલબ એનો અર્થ એમ જ સમજવાનો કે વધુ આબાદી ધરાવતા આપણા ગામડાઓ કે ગ્રામીણ વિસ્તારોમાં હજુ આ સુવિધા અપર્યાપ્ત કે સાવ ઓછી માત્રામાં જ છે..!! જો કેશલેશ ઈકોનીમીની વાત કરવી હોય તો આ પીઓએસ એમાં અગત્યનો ભાગ ભજવી શકે છે કેમકે દેશમાં નાના-મોટા પેમેન્ટ/ખરીદી/ટ્રાન્ઝેક્શનમાં આ જ વપરાવાના.

આરબીઆઈનો જુલાઈનો અહેવાલ બતાવે છે કે બેન્કે લગભગ ૭ કરોડ ડેબીટ અને અઢી કરોડ ક્રેડીટ કાર્ડ ઈસ્યુ કર્યા છે પણ ખાટલે મોટી ખોટ એ છે કે આ આંકડાઓને વ્યક્તિઓ સાથે ગણી શકાય એમ નથી મતલબ કે શહેરી વિસ્તારમાં એવું બને કે એક વ્યક્તિ પાસે એકથી વધુ કાર્ડ હોય શકે પણ ગ્રામીણ વિસ્તારોમાં હજુ આ કારડ-ફારડનું ગણિત ઓછું કામ કરે છે અને એનું એક કારણ આગળ લખ્યુ એ એટીએમ અને પીઓએસની ઓછી સંખ્યા જ કહી શકાય. જો કે કેશલેસ ઈકોનોમીની બુનિયાદ લોકોનું ડીજીટલી જોડાણ પણ છે હજુ ભારતમાં અનેકો વિસ્તારો એવા છે જ્યાં ઈન્ટરનેટના દર્શન થવા દોહ્યલા છે. ડીજીટલ ઈન્ડિયા પ્રોગ્રામનું લક્ષ્ય છે કે આખા ભારતને ઈન્ટરનેટથી જોડી દેવું. ઈન્ડિયા લાઈવ સ્ટેટ્સના એક રીપોર્ટ મુજબ ૨૦૧૬ સુધીમાં ભારતમાં અંદાજે ૪૬ કરોડ લોકો ઈન્ટરનેટ વાપરી રહ્યા છે મતલબ કે કુલ વસ્તીના લગભગ ૩૫%. હવે જો વાત પીઓએસ કે મોબાઈલ બેન્કિંગ ની કરીએ તો ગ્રામીણ ઈલાકાઓમાં મોબાઈલ ઈન્ટરનેટની પહોચ હજુ માત્ર ૧૦-૧૫% જેટલી જ છે.

દુનિયામાં સૌથી વધુ યુવાનો ધરાવતો અને પુરઝડપે ડીજીટલ ક્રાંતિ તરફ જતા ભારતમાં ડીજીટલ પેમેન્ટ અને કેશલેશ ઈકોનોમી ને વધતા વાર

અનુસંધાન પાના નં. ૭ પર